નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં ફરજ બજાવતા SCA NO. 13817/2024, SCA NO. 15453/2024, SCA NO. 12719/2024, SCA NO. 14690/2024, SCA NO. 48/2025, SCA NO. 3335/2025, SCA NO. 854/2025, SCA NO. 6854/2025, SCA NO.3877/2025, SCA NO. 11122/2025, SCA NO. 5813/2025 અને SCA NO.12888/2025ના પીટીશનરશ્રીઓને વિભાગના તા.૧૬/૦૭/૨૦૨૪ના ઠરાવ મુજબ પગાર સુધારણાનો લાભ આપવા બાબત .

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્ર: **SJED/ASC/e-file/17/2024/1948/K**

સચિવાલય, ગાંધીનગર

તા. ઈ-સાઇન મુજબ

**વંચાણે લીધા:-**

(૧) નામ. હાઈકોર્ટના SCA NO. 13817/2024, SCA NO. 15453/2024, SCA NO. 12719/2024, SCA NO. 14690/2024, SCA NO. 48/2025, SCA NO. 3335/2025, SCA NO. 854/2025, SCA NO. 6854/2025, SCA NO.3877/2025 , SCA NO. 11122/2025, SCA NO. 5813/2025 અને SCA NO.12888/2025, અન્વયે અનુક્રમે આપેલ તા.૦૮/૦૮/૨૦૨૫, તા.૧૪/૦૮/૨૦૨૫ અને તા.૨૬/૦૯/૨૦૨૫ ના ચુકાદાઓ.

(૨) એલ.પી.એ. નં.૧૪૪/૨૦૨૩ અન્વયે નામ. ગુજરાત હાઈકોર્ટનો તા.૦૮/૦૪/૨૦૨૪ નો ચુકાદો.

(૩) વિભાગનો તા.૧૬/૦૭/૨૦૨૪ નો ઠરાવ ક્ર: SJED/GHS/e-file/17/2022/2232/K

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૩/૧૨/૨૦૨૫ નો પત્ર ક્ર: અજાક/ગ/આ.શા./૨૦૨૫/૬૧૪૬-૪૭.

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૩/૧૨/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: વિજાક/છતલ/૨૦૨૫-૨૬/૪૦૮.

**આમુખ :**

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક(૨)થી નામ. હાઈકોર્ટમાં દાખલ થયેલ એલ.પી.એ. નં.૧૪૪/૨૦૨૩ અન્વયે નામ. ગુજરાત હાઇકોર્ટ દ્બારા તા.૦૮/૦૪/૨૦૨૪ નો ચુકાદો આપવામાં આવેલ. સદરહુ ચુકાદા પરત્વે અત્રેના વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક(૩)ના તા.૧૬/૦૭/૨૦૨૪ ના ઠરાવથી પીટીશનરોને પગાર સુધારણાના લાભો આપવામાં આવેલ.

સદર પગાર સુધારણા એલ.પી.એ. નં.૧૪૪/૨૦૨૩ના પીટીશનરો પુરતો સીમીત હોવાથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો ખાતે ફરજ બજાવતા અન્ય કર્મચારીઓ દ્બારા અત્રેના વિભાગના તા.૧૬/૦૭/૨૦૨૪ ના ઠરાવ મુજબના લાભો આપવા બાબતે નામ. હાઈકોર્ટ ખાતે વંચાણે લીધેલ ક્રમાંક(૧)માં દર્શાવ્યા મુજબની અલગ-અલગ કુલ-૧૨ પીટીશનો દાખલ કરવામાં આવેલી. જે અન્વયે નામ. હાઈકોર્ટના અનુક્રમે તા.૦૮/૦૮/૨૦૨૫, તા.૧૪/૦૮/૨૦૨૫ અને તા.૨૬/૦૯/૨૦૨૫ ના ઓરલ ઓર્ડરથી નીચે મુજબના આદેશ કરવામાં આવેલ છે.

5. Considering the fact that Government Resolutions dated 16.07.2024 and 29.07.2024 as per judgement and order dated 08.04.2024 is seeking to confer benefits upon a particular class of persons, to this Court it would appear that there is no reason all persons, of the said class should be denied the

benefits. Having regard to the observations hereinabove, to this Court the following directions would meet with the end of justice:

[1] The State i.e. the Department of the Social Justice and Empowerment and the Tribal Development Department to verify the individual case of the petitioners, as regards the petitioners being similarly situated to petitioners of Special Civil Application No. 26938 of 2006.

[2] The above verification shall be completed by the respondents within a period of four months from the date of receipt of this order.

[3] In case the Department verifies and finds the petitioners as being similarly situated to the petitioners of Special Civil Application No. 26938 of 2006 then all the petitioners shall be conferred with the benefits as entitled to by virtue of Government Resolution dated 16.07.2024 by the Department of Social Justice and Empowerment and Government Resolution dated 29.07.2024 by the Tribal Development Department as per the judgement and order dated 08.04.2024. The benefits shall be conferred upon such entitled petitioners within a period of eight weeks thereafter.

[4] Since a question with regard to the date of entitlement has arisen, more particularly the Hon'ble Division Bench based on which order, the above referred Government Resolutions have been passed, had fixed cutoff date of 01.08.2022 i.e. the date of the judgement of the learned Co-ordinate Bench, only insofar as the present petitions are concerned since some of the petitions appear to have been filed as late as in the year 2025, the date of entitlement would be treated as 08.04.2024 i.e. the date the Hon'ble Division Bench had passed order in the Letters Patent Appeal referred to hereinabove.

[5] The State while verifying the entitlement, of the petitioners, as above, shall also be entitled to verify whether the approval for appointment given to the petitioners were valid or not and in case the State is of the opinion that approval was invalid then the above order shall not preclude the State from taking any appropriate action action albeit after due process under the law.

નામ. ગુજરાત હાઈકોર્ટના ઉપરોક્ત ચુકાદાઓ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક(૪) પરના નિયામકશ્રી(અ.જા.ક.) અને વંચાણે લીધેલ ક્રમાંક(૫) પરના નિયામકશ્રી(વિ.જા.ક.) દ્વારા તા.૦૩/૧૨/૨૦૨૫ ના પત્રોથી સદરહુ ચુકાદાનો સ્વીકાર કરી પીટીશનરોના પગાર સુધારણા કરવા બાબતે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરની કુલ-૧૨ એસ.સી.એ. માં કરવામાં આવેલ હુકમનો સ્વીકાર કરી, તે અન્વયે પીટીશનરશ્રીઓને અત્રેના તા.૧૬/૦૭/૨૦૨૪ના ઠરાવથી નિયત કરવામાં આવેલ દરો મુજબ પગાર સુધારણાનો લાભ આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

કાળજીપૂર્વકની વિચારણાને અંતે નામ. ગુજરાત હાઈકોર્ટ ખાતે દાખલ કરવામાં આવેલ SCA NO. 13817/2024, SCA NO. 15453/2024, SCA NO. 12719/2024, SCA NO. 14690/2024, SCA NO. 48/2025, SCA NO. 3335/2025, SCA NO. 854/2025, SCA NO. 6854/2025, SCA NO.3877/2025, SCA NO. 11122/2025, SCA NO. 5813/2025 અને SCA NO.12888/2025ના પીટીશનરશ્રીઓને નીચેની શરતોને આધીન કોષ્ટકની કોલમ-૩ મુજબના પગાર દર નિયત કરવા માં આવે છે.

| ક્રમ | સંવર્ગ | સુધારેલ પગાર દર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ગૃહપતિ/ ગૃહમાતા | રૂ.૨૧,૭૦૦/- |
| ૨ | મદદનીશ ગૃહપતિ/ ગૃહમાતા | રૂ. ૧૯,૯૦૦ /- |
| ૩ | રસોયા | રૂ.૧૮,૨૦૧/- |
| ૪ | મદદનીશ રસોયા | રૂ.૧૭,૭૯૦/- |

| | | |
|---|---|---|
| ૫ | ચોકીદાર | ૩.૧૪,૮૦૦/- |

<u>શરતો:</u>

(૧) સદર પગાર દરોનું અમલીકરણ તા.૦૮/૦૪/૨૦૨૪ ની અસરથી કરવાનું રહેશે.

(૨) નિયામકશ્રી(અ.જા.ક.) અને નિયામકશ્રી(વિ.જા.ક.) એ જરૂરી ગણતરી કરી પીટીશનરશ્રીઓને મળવાપાત્ર એરીયર્સનું ચુકવણું તાત્કાલિક કરવાનું રહેશે.

(૩) સદર પગારદરોનો લાભ નામ. હાઈકોર્ટ ખાતે દાખલ કરવામાં આવેલ SCA NO. 13817/2024, SCA NO. 15453/2024, SCA NO. 12719/2024, SCA NO. 14690/2024, SCA NO. 48/2025, SCA NO. 3335/2025, SCA NO. 854/2025, SCA NO. 6854/2025, SCA NO.3877/2025, SCA NO. 11122/2025, SCA NO. 5813/2025 અને SCA NO.12888/2025ના પીટીશનરો પૂરતો સિમિત રહેશે.

(૪) નિયામકશ્રી(અ.જા.ક.) અને નિયામકશ્રી(વિ.જા.ક.) એ તેઓ હસ્તકની સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયના કર્મચારીઓને ઉક્ત કોષ્ટકના કોલમ-૩ ના ૯૦% પ્રમાણે રકમની ચુકવણી કરવાની રહેશે અને બાકીના ૧૦% રકમની ચુકવણી સંબંધિત સ્વૈચ્છિક સંસ્થાએ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નિયામકશ્રી(અ.જા.ક.)એ માંગણી ક્રમાંક: ૯૫, મુખ્ય સદર: ૨૨૨૫- અનુ.જાતિ/અનુ.આદિજાતિ, અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા સદર: ૦૧- અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ, પેટા સદર: ૧૨ એસ.સી.ડબલ્યુ-૦૭-સુબેદાર રામજી આંબેડકર છાત્રાલય અને જુગતરામ દવે આશ્રમશાળા યોજના સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નિયામકશ્રી(વિ.જા.ક.)એ **(૧)**માંગણી ક્રમાંક: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિ/અનુ.આદિજાતિ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૮૦-સામાન્ય, ગૌણ સદર: ૧૦૧-વિમુક્ત અને અન્ય અસ્થાયી જાતિઓનું કલ્યાણ પેટા સદર: (૧૧) ડીએનટી- ૩ -છાત્રાલયો અને આશ્રમશાળાઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાયક અનુદાન અને **(૨)** માંગણી ક્રમાંક: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫- અનુ.જાતિ/ અનુ.આદિજાતિ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૩- પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ, પેટા સદર: ૧૧ ઓબીસી-૫ સામાજિક અને શૈક્ષણિક રીતે પછતવર્ગ માટેની છાત્રાલયો અને આશ્રમશાળાઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાયક અનુદાન હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૦/૦૭/૨૦૨૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેઓના નામે,

HM 15/07/2026

(હેમંત શ્રીમાળી)

નાયબ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

- માન.રા.ક. મંત્રીશ્રી(સા. ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં વિભાગ) ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી (સામાન્ય વહીવટ વિભાગ) ના રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નાયબ સચિવશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી (અ.જા.ક. /વિ.જા.ક.)મારફત)

- સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬